# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર
**ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)**
## માહિતી અને જનસંપર્ક વિભાગ
Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852

**અખબારી યાદી નં.૭૨**

**વિષય: ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના વર્ષ- ૨૦૧૬ પહેલાથી અમલમાં આવેલા તમામ અભ્યાસક્રમો (ડીપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક) છોડીને જતા રહેલ વિદ્યાર્થીઓ જોગ**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનીએક્ઝામીનેશન કંટ્રોલ બોર્ડની તેમજ સિન્ડીકેટની સભામાં થયેલ નિર્ણય અનુસાર વર્ષ- ૨૦૧૬ પહેલાથી અમલમાં આવેલા યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો(ડીપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક) જે હાલ ચાલુ નથી તેવા અભ્યાસક્રમો છોડીને જતા રહેલ વિદ્યાર્થીઓને કેટલી તક આપવી તે બાબતે નીચે મુજબના નિયમો નક્કી કરવામાં આવેલ છે.

૧) આવા આભ્યાસક્રમના ડીબાર્ડ થયેલ સિવાયના તમામ વિદ્યાર્થીઓએ **એપ્રિલ-૨૦૨૨** સુધીમાં અભ્યાસક્રમ પુર્ણ કરવાનો રહેશે અન્યથા જે તે સમયના પ્રવર્તમાન કોર્ષમાં પ્રવર્તમાન ફી ભરીને શરૂઆતથી અભ્યાસક્રમ ચાલુ કરવાનો રહેશે

૨) અભ્યાસક્રમ પુર્ણ કરવા માંગતા વિદ્યાર્થીઓ જે કોલેજમાં હોય અને તે કોલેજ હાલ બંધ થઈ ગયેલ હોય અને વિદ્યાર્થીનો અભ્યાસક્રમ બાકી હોય તેવા કિસ્સામાં અન્ય કોલેજમાં એડમિશન લઈને અભ્યાસક્રમ પુર્ણ કરવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

૩) વિદ્યાર્થી જે કોલેજમાં હોય અને તે કોલેજ હાલ બંધ થઈ ગયેલ હોય અને વિદ્યાર્થીની તમામ ટર્મની હાજરીપુર્ણ હોય અને ફક્ત અંતિમ વર્ષની પરીક્ષા બાકી હોય તેવા કિસ્સામાં જે તે વિદ્યાર્થીઓએ નિયત સમય-મર્યાદામાં નિયમોનુસારનીફી ભરી પરીક્ષા ફોર્મ સીધુ યુનિવર્સિટીમાં ભરી શકશે

૪) ભવિષ્યમાં જ્યારે નવો અભ્યાસક્રમ અમલમાં આવે ત્યારે વિદ્યાર્થીની એડમીશન તારીખથી જુના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને જે તે કોર્ષના અભ્યાસક્રમના સમયગાળા જેટલો વધારાનો સમયગાળો આપવો (જેમકે બી.એ.એમ.એસ. કોર્ષ ૪.૫ વર્ષ સમયગાળા સામે ૪.૫ વર્ષ સિલેબસ બદલાયા બાદ વધારાનો સમયગાળો, બી.ફાર્મ કોર્ષ ૪ વર્ષના સમયગાળા સામે સિલેબસ બદલાયા બાદ વધારાનો ૪ વર્ષનો સમયગાળો) આ સમયગાળા દરમ્યાન કોઈ વિદ્યાર્થી અભ્યાસક્રમ પુર્ણ ના કરે તેવા કિસ્સામાં જે તે સમયના પ્રવર્તમાન કોર્ષમાં પ્રવર્તમાન ફી ભરીને શરૂઆતથી અભ્યાસક્રમ ચાલુ કરવાનો રહેશે.

૫) ઉપરોક્ત જુના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને ફી ને લગતા તમામ નિયમો પ્રવર્તમાન ધોરણે લાગુ પડશે.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૧૮-૧૯/૩૯૩૦ તારીખ : ૧૩/૦૩/૨૦૧૯

પ્રતિ,
તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,
મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત કરવા વિનંતી

આભાર.

આપનો વિશ્વાસુ

( વૈદ્ય ધનંજય પટેલ )
ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી

નકલ રવાના:

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાની વિનંતી સૂચના સાથે.)
   (૧) બોટાનિકલ ગાર્ડન (૨) પ્રેસ વિભાગ
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચના સાથે)
5. તંત્રીશ્રી, ન્યૂઝ લેટર નિયામકશ્રી, આઈ.પી.જી.ટી એન્ડ આર. એ., જામનગર
6. તંત્રીશ્રી, ન્યૂઝ ફ્લેશ આચાર્યશ્રી, આઇ.એ.પી.એસ , જામનગર
7. Shri H.P.Jhala,IQAC CO-Ordinator